પોલીસ સબ–ઈન્સ્પેકટર ભરતી બોર્ડ, ગાંધીનગર આયોજિત

# પોલીસ સબ–ઈન્સ્પેકટર (PSI) તથા પોલીસ કોન્સ્ટેબલ પરીક્ષાનો પરિચય

## પોલીસ સબ–ઈન્સ્પેકટર યોગ્યતા :

- **યોગ્યતા :**

⇨ શૈક્ષણિક લાયકાત : ગ્રેજયુએટ
⇨ વય : ૨૧ થી ૨૮ વર્ષ

**પરીક્ષા પધ્ધતિ :**

PSI થવા માટે ઉમેદવાર માનસિક અને શારીરિક રીતે સક્ષમ હોવો જોઈએ. One should be mentally tough and physically fit. તે હેતુથી પરીક્ષા પધ્ધતિનું નિર્માણ એવી રીતે કરવામાં આવ્યું છે કે બધી રીતે સમર્થ યુવાનો જ તેમાં પાસ થઈ શકે.

સ્પર્ધાત્મક પરીક્ષાના તબક્કા : સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે પસંદગી પામીને સીધીભરતીથી નિમણૂંક મેળવવા માંગતા ઉમેદવારો માટે નીચે બતાવેલ બે તબક્કામાં પરીક્ષા યોજવામાં આવશે.

(i) સૌ પ્રથમ તબક્કામાં મુખ્ય પરીક્ષાના ઉમેદવારો પસંદ કરવા માટે શારીરિક કસોટી યોજવામાં આવશે.

(i) બીજા તબક્કામાં ઉમેદવારોની આખરી પસંદગી મુખ્ય પરીક્ષા તથા ઈન્ટરવ્યૂ (રૂબરૂ મુલાકાત)ના આધારે કરવામાં આવશે.

**(અ) શારીરિક ક્ષમતા કસોટી :**

આ કસોટીના ગુણ અપાશે નહી તે કવોલીફાઈંગ ટેસ્ટ હોઈ, આ ટેસ્ટ પાસ કરનારને જ લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

⇨ **મુખ્ય પરીક્ષા :**

**લેખિત પરીક્ષા : (હેતુલક્ષી)**

પોલીસ સબ–ઈન્સ્પેકટર / ઈન્ટેલીજન્સ ઓફીસર્સની પરીક્ષા પધ્ધતિ નીચે મુજબ રહેશે.

(i) ગુજરાતી ભાષા ( 2 કલાક) 75 ગુણ
(ii) અંગ્રેજી ભાષા ( 2 કલાક) 75 ગુણ
(iii)સામાન્યજ્ઞાન ( 2 કલાક) 100 ગુણ
(સામાન્ય જ્ઞાન,વર્તમાન પ્રવાહો અને મનોવૈજ્ઞાનિક બાબતો)
(iv)કાયદાકીય બાબતો (2 કલાક) 100ગુણ

www.marugujarat.in

આ પ્રશ્નપત્રમાં નીચેના કાયદાને લગતા પ્રાથમિક જ્ઞાન ચકાસે તેવા પ્રશ્નો પૂછવામાં આવશે.

(1) ભારતનું બંધારણ

(2) ક્રિમિનલ પ્રોસિજર કોડ–1973

(3) ઈન્ડીયન પીનલ કોડ–1860

(4) એવીડન્સ એક્ટ–1872

(5) ગુજરાત પોલીસ એક્ટ–1951

(6) ગુજરાત પ્રોહીબીશન એક્ટ–1949

(7)ભ્રષ્ટ્રાચાર નાબુદી અધિનિયમ–1988

(8)અ.જાતિ/ અ.જનજાતિ
(અત્યાચાર નિવારણ)ધારો–1989

(9) મોટર વાહન અધિનિયમ–1988

**ઈન્ટરવ્યુ…………………50** ગુણ

(અ)ઈન્ટરવ્યુમાં ઉમેદવારની એકંદરે ક્ષમતા ચકાસવામાં આવશે.જેમાં સામાન્ય જ્ઞાન /વર્તમાન પ્રવાહો/બુધ્ધિક્ષમતા /મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ ક્ષમતા અને પ્રશ્નપત્ર–૪ માં દર્શાવેલ કાયદાઓ બાબતના પ્રાથમિક જ્ઞાનને લગતા વિષયો લક્ષમાં લેવાશે.

(બ) વિશેષ ગુણ ભારાંક : દરેક ઉમેદવારને ઈન્ટરવ્યુના 50 ગુણમાંથી ઈન્ટરવ્યૂ કમિટિને યોગ્ય લાગે તેટલા ગુણ આપવામાં આવશે ત્યારબાદ વધારામાં નીચે મુજબના વિશેષ ગુણ મળવાપાત્ર થશે.

(i) એન.સી.સી.નું સી સર્ટીફીકેટ ધરાવનાર ઉમેદવારોને વધારાના 2 ગુણ આપવામાં આવશે.

(ii) રક્ષા શકિત યુનિવર્સિટી ધ્વારા અપાતા ડિગ્રી/પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમાં જે ઉમેદવારોએ મેળવેલ હશે તેમને નીચે મુજબ વધુ ગુણ અપાશે.

| રક્ષાશકિત યુનિવર્સિટીની ડિગ્રી/ મળવાપાત્ર વધારાના ગુણ પોસ્ટ ગ્રેજયુએટ ડિપ્લોમામાં મેળવેલ વર્ગ. |
|---|
| ડીસ્ટીકશન (15) પ્રથમ વર્ગ (12) બીજો વર્ગ (9) પાસ વર્ગ (5) |

(ક) લેખિત પરીક્ષા અને ઈન્ટરવ્યૂમાં મેળવેલ ગુણ, એન.સી.સી.ના મળવાપાત્ર હોયતો બે ગુણ તથા રક્ષાશકિત યુનિવર્સિટીની ડિગ્રી/ડિપ્લોમાના વધારાના ગુણ લક્ષમાં લઈને પી.એસ.આઈ.સંવર્ગની આખરી પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

www.marugujarat.in

# પોલીસ કોન્સ્ટેબલ યોગ્યતા :

## ➪ યોગ્યતા :

- શૈક્ષણિક લાયકાત : 12 પાસ
- વય : ૨૧ થી ૨૨ વર્ષ

➪ પરીક્ષા પધ્ધતિ :

સ્પર્ધાત્મક પરીક્ષાના તબક્કા :સ્પર્ધાત્મક પરીક્ષાના આધારે પસંદગી પામીને સીધીભરતીથી નિમણૂંક મેળવવા માંગતા ઉમેદવારો માટે નીચે બતાવેલ બે તબક્કામાં પરીક્ષા યોજવામાં આવશે.

(i)સૌ પ્રથમ તબક્કામાં લેખિત પરીક્ષાના ઉમેદવારો પસંદ કરવા માટે શારીરિક કસોટી યોજવામાં આવશે.

(ii) બીજા તબક્કામાં ઉમેદવારોની આખરી પસંદગી લેખિત પરીક્ષાના આધારે કરવામાં આવશે.

**(અ) શારીરિક ક્ષમતા કસોટી :**

આ કસોટીના ગુણ અપાશે નહી તે ક્વોલીફાઈગ ટેસ્ટ હોઈ, આ ટેસ્ટ પાસ કરનારને જ લેખિત પરીક્ષા માટે બોલાવવામાં આવશે.

**(બ) લેખિત પરીક્ષા (હેતુલક્ષી) (1 કલાક) 100 ગુણ**

સામાન્ય જ્ઞાન, વર્તમાન પ્રવાહો, મનોવિજ્ઞાન, ભારતનું બંધારણ,ઈન્ડિયન પિનલ કોડ, સી.આર.પી.સી.કોડ અને ભારતીય પુરાવા કાયદાને લગતા પ્રાથમિક પ્રકારના પ્રશ્નો રહેશે.

| શારીરિક ક્ષમતા કસોટી (પોલીસ સબ–ઈન્સ્પેકટર તથા પોલીસ કોન્સ્ટેબલ પરીક્ષા માટે) | | |
|---|---|---|
| પુરુષ (ક) | (1) 800 મીટર દોડ | (1) (3) મીનીટ અને 10 સેકંડમાં દોડવાની રહેશે. ( આ દોડ નિયમાનુસાર પૂરી કરનાર પુરુષ ઉમેદવાર જ 5 કી.મી.દોડમાં ભાગ લેશે. |
| | (2) 5 કી.મી.દોડ | (2) વધુમાં વધુ 25 મિનિટમાં તમામ પુરુષ ઉમેદવારોએ પુરી કરવાની રહેશે. |
| મહિલા (ખ) | 1600 મીટર | વધુમાં વધુ 9 મિનિટમાં તમામ મહિલા ઉમેદવારોએ પુરી કરવાની રહેશે. |
| એકસ સર્વિસમેન (ગ) | 2400 મીટર | વધુમાં વધુ 12 મિનિટ 30 સેકન્ડમાં આ દોડ પુરી કરવાની રહેશે. આ ટેસ્ટ ફકત તમામ એકસ સર્વિસમેન માટે રહેશે. |

www.marugujarat.in